ગાંધીનગર સમાચાર

શાળાઓમાં પ્રકૃતિ શિક્ષણ મામલે પાટનગરમાં જ દિવા તળે અંધારું

# હાર્દિકની ધરપકડને પગલે ગાંધીનગરમાં પોલીસ સ્ટેન્ડ ટુ

**મહારેલીના દિવસે હાર્દિકની ધરપકડ બાદ પોલીસ ચોકીઓ અને બસો સળગાવાઈ દેવામાં આવી હતી : કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનું સઘન પેટ્રોલીંગ : મંત્રી નિવાસ બહાર ચાંપતો પોલીસ પહેરો ગોઠવાયો**

ગાંધીનગર, તા. ૧૯

સુરતમાંથી નિકાળવામાં આવેલી એકતા યાત્રા દરમ્યાન પોલીસે હાર્દિક સહિત રેલીમાં જોડાયેલા પાટીદારોની અટકાયત કરતાં વિવિધ જિલ્લાઓમાં છમકલા શરૂ થઈ ગયા હતા. જેને પગલે ગાંધીનગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર પોલીસને સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. મંત્રી નિવાસસ્થાન અને રાજ્યપાલ હાઉસ બહાર પોલીસનો જડબેસલાક પહેરો ગોઠવી દઈ પેટ્રોલીંગ પણ સઘન બનાવી દીધુ છે.

પાટીદાર અનામત આંદોલનની અમદાવાદ રીવરફ્રન્ટ પાસે યોજોયલી મહારેલી બાદ હાર્દિકની કરવામાં આવેલી ધરપકડ બાદ તોફાનો શરૂ થઈ ગયા હતા. પોલીસ સ્ટેશનો, ચોકીઓ, બસોમાં તોડફોડ અને આગચંપી થવા પામી હતી. આજે સુરતમાં પાટીદાર અનામત આંદોલન અંતર્ગત નિકાળવામાં આવેલી

● અનુસંધાન પાન-૭ પર

## પાટીદારોએ આર્થિક અસહકાર આંદોલન મોકુફ રાખ્યુ

ગાંધીનગર એસ.પી.જી. દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે સરકાર અહિંસક કાર્યક્રમો કરવા માટે પણ મંજુરી આપી રહી નથી જેને પગલે આજે શનિવારે આર્થિક અસહકાર આંદોલન છેડી બેંકોમાંથી પાટીદારો પોતાની જમા કરેલી થાપણ ઉપાડી લેશે. જોકે સવારે આ આંદોલન મોકુફ રાખવાની જાહેરાત ગાંધીનગર એસપીજી પ્રમુખ ગૌરાંગ પટેલ અને સહ કન્વીનર પુર્વીન પટેલે કરી હતી. તેમના જણાવ્યા પ્રમાણે સરકાર વતી એક વ્યક્તિએ મળીને ૨૫ તારીખ સુધીમાં આ સમસ્યાના નિરાકરણની બાંહેધરી આપી છે તેથી કાર્યક્રમ મોકુફ રાખ્યો છે. જો ૨૫મી સુધીમાં નિરાકરણ નહી આવે તો આર્થિક સહકાર આંદોલન છેડવામાં આવશે.



આદ્યશક્તિની આરાધના - ભાદરવી પૂનમના પાવન પર્વે મા-અંબાજીના મંદિરે ધજા ચડાવવાના સંકલ્પ સાથે રાજપીપળાના ૩૫૦ પદયાત્રીઓ ગાંધીનગરથી પસાર થયા તે સમયની તસવીર (તસવીર : કશ્પય નિમાવત)

# શહેરમાં પોણા બે ઈંચ વરસાદ

**વાદળો ઘેરાયા હતા એવો ધોધમાર વરસાદ ન પડ્યો તેમ છતાં પોણા બે ઈંચ વરસાદથી પાકને જીવનદાન**

ગાંધીનગર, તા. ૧૯

ઘણા દિવસોના વિરામ બાદ ભાદરવા માસના પ્રારંભે પુનઃ વરસાદનો આનંદ બેવડાયો હતો. ગઈકાલે સાંજથી આજ સવાર સુધી શહેરમાં લગભગ પોણા બે ઈંચ



(તસવીર : કશ્યપ નિમાવત)

વરસાદની પધરાણી થતાં ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. જ્યારે શહેરીજનોને ગરમીથી રાહત મળતાં જેટલો વરસાદ નોંધાયો હતો.

આ વર્ષે વરસાદ ખુબ ઓછો

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદની ચેતવણીને પગલે તંત્ર એલર્ટ મોડ પર

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૪૮ કલાકમાં ભારે થી અતિભારે વરસાદ થવાની સંભાવનાઓને લઈ હવામાન વિભાગે આપેલ ચેતવણીને પગલે જિલ્લા તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે.

**કંટ્રોલરૂમો પર રાઉન્ડ ધી ક્લોક ફરજો બજાવવા અંગેના હુકમો સાથે કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી**

અધિક નિવાસી કલેક્ટર શ્રી કાલરિયાએ જણાવ્યું હતું કે તમામ અધિકારી-કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે તેમજ ફરજના મુખ્ય મથક પર હાજર રહેવા માટેની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

જિલ્લાના ચારેય તાલુકાના કંટ્રોલરૂમો પર પણ કર્મચારીઓને ફરજો રાઉન્ડ ધી ક્લોકની આપી દેવામાં આવી છે. આ ઉપરાંત લાઈન ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ અને અધિકારીઓને પણ સાબદા રહેવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગઈકાલે અને આજ સવાર સુધીમાં સરેરાશ એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગઈકાલે થયેલા વરસાદ પછી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જોકે હજુ આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણીને લઈ તંત્ર પણ એલર્ટ મોડ પર મુકી દેવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયત ખાતે પણ કંટ્રોલરૂમ માટેની ફરજો સોંપતા હુકમો જારી કરી દેવાયા છે. આજે દિવસ દરમ્યાન હળવા છાંટા વરસાદના નોંધાયા હતા. જોકે સાંજે ઉકળાટ વધવા પામ્યો છે. બીજી તરફ ખેડૂતો દ્વારા પણ પડતર જમીનમાં દિવેલા અને ઘાસચારાના વાવેતર કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

## શાળાઓમાં પ્રકૃતિ શિક્ષણ મામલે પાટનગરમાં જ દિવા તળે અંધારું

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા ઈકો કલબના એમ્બેસેડરની પસંદગી કરવામાં આવી નથી. વન વિભાગે આ મામલે દરકાર ન લેતા શાળાઓમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ શિક્ષણથી વંચિત રહે તેવી સ્થિતિ

**વન તંત્ર દ્વારા જિલ્લામાં ઇકો એમ્બેસેડરની નિમણુંક કરવામાં આવી નથી : પ્રકૃતિ શિક્ષણની શિબિર પણ યોજાઇ નથી**

છે.રાજયના અન્ય જિલ્લાઓમાં આ યોજના હેઠળ સુંદર કામગીરી થાય છે. પરંતુ વનતંત્રની નિષ્ક્રીયતાના લીધે પાટનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવી દહેશત છે.

નેશનલ ગ્રીન કોપર્સ અન્વયે રાજયની શાળાઓમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ સંબંધિત શિક્ષણ પુરુ પાડવા ઈકો એમ્બેસેડરની નિમણુંક કરવામાં આવે છે. જે અન્વેય રાજયના અન્ય જિલ્લાઓમાં આ મુજબની નિમણુક

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં સેંકડો વૃક્ષો ભયજનક હાલતમાં અકસ્માતની દહેશત : વન તંત્રની નિરસતા

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ગત જુલાઈ દરમિયાન તોફાની વરસાદમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થતા નાગરિકો માટે જોખમી સ્થિતિ સર્જાઇ હતી. સેકટરોમાં છેલ્લા બે મહીનાથી નમી પડેલા વૃક્ષો હજુ પણ ભયજનક હાલતમાં હોવાથી ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેમ છે. વન તંત્ર દ્વારા દબાણની નાટકીય કામગીરી કરવામાં ઉત્સાહ દાખવવામાં આવે છે. ત્યારે આમ નાગરિકો માટે ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવા વૃક્ષો દુર કરવા માત્ર સર્વેથી વિશેષ કાંઇ થઈ શકયુ નથી.

હરીયાળા વૃક્ષોથી ઘેરાયેલા શહેરમાં શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસના વિસ્તારમાં પણ વૃક્ષોની હારમાળા જોવા મળે છે. ગત તોફાની

**નાટકીય દબાણ ઝુંબેશના બદલે ભયજનક વૃક્ષો દુર કરવાનું અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા**

વરસાદના અંતે આડશ બનેલા વૃક્ષોને દુર કરવામાં તંત્રએ અત્યંત મંદ ગતિએ કામગીરી કરતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો હતો. જયારે નમી પેડલા વૃક્ષોને દુર કરવા પણ નગરજનોમાં પ્રબળ માંગ ઉઠવા પામી હતી. વર્ષો પુવે ચ માર્ગ પર નમી પડેલુ વૃક્ષ જમીનદોસ્ત થતા એક બાઈક ચાલક યુવાને જીવ ગુમાવ્યો હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી હતી. આમછતા વનતંત્ર આ વાતની ગંભીરતાને ધ્યાને લીધા વિના અકસ્માતની રાહ જોતુ હોય તેવી દયનીય સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ તેમજ જમીનદોસ્ત થયેલા વૃક્ષો દુર કરવામાં તદન નબળી કામગીરી થતી હોવાનો આક્રોશ પ્રબળ બની રહયો છે.ત્યારે વન આરક્ષિત જગ્યામાંથી દબાણો દુર

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રીના નિવાસસ્થાને અતિમહત્વપૂર્ણ બેઠક




**બેસણું**

સેક્ટર-૧ નિવાસી શ્રીમતી કંચનબેન મહેન્દ્રભાઈ શાહ તથા શ્રી એમ.જી. શાહના સુપુત્ર **જતીન એમ. શાહ (ઉંમર ૫૨ વર્ષ)**નું મુંબઈ ખાતે અવસાન થયેલ છે. સદ્દગતનું **બેસણું તા. ૨૦-૯-૨૦૧૫ને રવિવારના રોજ વિવિધલક્ષી જૈન હોલ, જૈન દેરાસર, સેક્ટર-૨૨,** ખાતે **સાંજે ૪-૦૦ થી ૫-૩૦** સુધી રાખવામાં આવેલ છે.

લિ.

હિના જતીન શાહ
ચૈતસી જતીન શાહ
સાર્થક જતીન શાહ
મહેન્દ્રભાઈ જી. શાહ
કંચનબેન એમ. શાહ
રીના ભરતકુમાર શાહ
ભરતકુમાર બી. શાહ
નિરેન એમ. શાહ


ગાંધીનગર, તા. ૧૯

પાટીદાર આંદોલનને આગળ વધારી રહેલા અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલની અટકાયત કરવામાં આવ્યા બાદ સ્થિતિ વણસી ગયા બાદ આજે મોડી સાંજે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના આવાસ ઉપર અતિ મહત્વપૂર્ણ યોજાઈ હતી જેમાં રાજ્યના તમામ વરિષ્ઠ પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પરિસ્થિતિની ઉંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યના પ્રધાન નીતિન પટેલ, પોલીસ વડા અને રાજ્યના ગૃહમંત્રી રજની પટેલ પણ ઉપસ્થિતિ રહ્યા હતા. ઉભી થયેલી પરિસ્થિતિ ઉપર આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. સાથે સાથે ભાવિ વ્યૂહરચના ઉપર પણ ચર્ચા થઈ હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ખાસ રીતે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી પરિસ્થિતિ અંગે તમામ માહિતી મેળવી હતી.

**કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ચર્ચા કરાઈ આંદોલનને લઈને ભાવિ વ્યૂહરચના પર પણ ચર્ચા**







(તસવીર : કશ્યપ નિમાવત)

ભુવનેશ્વર યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા આયોજીત સેક્ટર-૬ ખાતે ગણેશોત્સવ-૨૦૧૫માં શુક્રવારે સાંઈરામ દવેનો હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારે વરસાદ હોવા છતાં વોટરપ્રુફ ડોમમાં વિના વરસાદ વિઘ્ને પ્રેક્ષકોએ લાભ લીધો હતો.

# મોબાઈલ-કોમ્પ્યુટરના ઉપયોગથી દેશના ૩૦ ટકા યુવાનો વિઝન સિન્ડ્રોમની બિમારી તરફ ધકેલાયા

**દેશના ૧૨ ટકા બાળકો ચશ્માની મદદ વગર જોઇ શકતા નથી : ગાંધીનગરમાં ઓપ્થલ્મિક એસોસિએશનના બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ**

ગાંધીનગર તા ૧૯

સમગ્ર દેશમાં ૧૨ ટકા બાળકો ચશ્માની મદદ વગર જોઈ શકતા નથી. જયારે આજના ટેકનોલોજીના યુગમાં મોબાઈલ અને કોમ્પ્યુટરના ઉપયોગથી આંખોમાં ડ્રાઈનેસની તકલીફ વધતા આજની યુવાપેઢીમાં ૩૦ ટકા યુવાનો પણ કોમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમની બિમારી તરફ ધકેલાતા હોવાનુ ધ્યાને આવ્યુ હોવાનુ રાષ્ટ્રીય ઓપ્થલ્મિક એસોસિએશનના પ્રમુખ એસ પી યોદવે જણાંવ્યુ હતુ.ગાંધીનગર ખાતે આજે ૯ મી નેશનલ ઓપ્થેલ્મિક કોન્ફરન્સના પ્રારંભે દેશના વિવિધ રાજયોમાંથી ૩૦૦ થી પણ વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

ગુજરાત સ્ટેટ ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ એસોસિએશન દ્વારા આજે ગાંધીનગરમાં બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તબક્કે ઉપસ્થિત કાયદો અને ન્યાય તંત્રના રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાંવ્યુ હતુ કે સરકારે શાળા આરોગ્ય ક્ષેત્રને પ્રાધાન્ય આપી બાળકોની આરોગ્ય તપાસ કરવા ઉપરાંત તબીબી સારવાર પુરી પાડવામાં આવી રહી છે.ગુજરાત પશ્ચિમ ભારતનુ હબ બન્યુ છે.નેત્રદાન ક્ષેત્રે પણ ગુજરાતે સારી કામગીરી કરીને લોકોને દ્રષ્ટિ બક્ષી છે. આ સેમિનારમાં ગુજરાત સહિત દેશના વિવિધ ૩૦ જેટલા રાજયોમાંથી આવેલા પ્રતિનિધિઓએ પોતાના વિચારોની આપ લે કરી હતી.જયારે આ તબક્કે દ્રષ્ટિ ચકાસણીની કામગીરી અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સેમિનાર દરમિયાન અંધત્વ નિવારણ માટે જનજાગૃતિ કેળવાય તેમજ નાગરિકો આંખના રોગ તેમજ તેના નિદાન માટે જાગૃત બને તે માટે પણ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

મારા માતુશ્રી **જીબાબા ચતુરભાઈ પટેલ** તા. ૧૫-૯-૨૦૧૫ના રોજ દેવલોક પામ્યા છે.

પ્રભુને ગમ્યું તે ખરું, **સદ્દગતનું બેસણું તા. ૨૦-૯-૨૦૧૫નો રવિવારનો રોજ સવારે ૮ થી ૧૧** દરમિયાન રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

ઘનશ્યામભાઈ ઈશ્વરભાઈ પટેલ
ભૂપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ
વિનોદભાઈ ઈશ્વરભાઈ પટેલ
રમેશભાઈ કાશીભાઈ પટેલ
ગોરધનભાઈ કાશીભાઈ પટેલ
અશોકભાઈ ચતુરભાઈ પટેલ
(અશોકકુમાર શ્રોફ, સે.૨૨)
હિરેન અશોકભાઈ પટેલ
(અંબિકા ટાયર્સ, સે.૫)
હર્ષિલ અશોકભાઈ પટેલ
(અંબિકા પેટ્રોલિયમ, વાવોલ)



SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com